(1) કે. વી. કામથ કમિટી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ કમિટીની રચના RBI દ્વારા કરવામાં આવી છે.

(2) આ કમિટીનો હેતુ નોન–કોર્પોરેટ લોનના રિસ્ટ્રક્ચરીંગ માટેના માપદંડોની ભલામણ કરવાનો છે.

(3) આ કમિટી તેની ભલામણો 30 દિવસમાં RBIને આપશે.

(4) આ કમિટીમાં કુલ 5 સભ્યો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તાજેતરમાં RBI દ્વારા 5 સભ્યો વાળી એક કમિટીનું ગઠન કરવામાં આવ્યું છે. આ કમિટીની અધ્યક્ષતા કે. વી. કામથ દ્વારા કરવામાં આવશે. (આથી, વિધાન (1) અને (4) સાચાં છે.)

⇛ આ કમિટીનો હેતુ કોર્પોરેટ લોનના વન–ટાઈમ રિસ્ટ્રક્ચરીંગ માટેના માપદંડોની ભલામણ કરવાનો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ કમિટીને 30 દિવસમાં તેની ભલામણો RBIને આપવાનું સૂચવવામાં આવ્યું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ કમિટી 1500 કરોડ રૂપિયા કે તેથી વધુની લોન ધરાવતાં દરેક ખાતાઓ માટે ક્ષેત્ર–આધારિત રિઝોલ્યુશન પ્લાન બનાવશે.

⇛ તાજેતરના મોનેટરી પોલિસીના રિપોર્ટ બાદ RBI એ કોર્પોરેટ, MSME તથા વ્યક્તિગત લોકોની આવક તથા બેલેન્સ શીટના તણાવને જોતાં બેંકને તેમની લોન રિસ્ટ્રક્ચર કરવાની મંજૂરી આપી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) ઈન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશન (IFC) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે વર્લ્ડ બેંકની એક ભાગીદારી સંસ્થા છે.

(2) તેનું વડુંમથક વોશીંગટન ડી.સી.માં આવેલું છે.

(3) તે એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે વિકાસશીલ દેશોમાં ખાનગી ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહન આપે છે.

(4) IFCની માલિકી તેના સભ્ય દેશોની છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ ઈન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશન એક આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થા છે જે વિકાસશીલ દેશોમાં ખાનગી ક્ષેત્રના વિકાસ માટે આ ક્ષેત્રને રોકાણ, સલાહસૂચન, એસેટ મેનેજમેન્ટ સેવાઓ વગેરે આપે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે વર્લ્ડ બેંક ગ્રુપનું એક સભ્ય છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તેનું વડુંમથક વોશીંગટન ડી.સી.માં આવેલું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેની સ્થાપના 1956માં વર્લ્ડ બેંક ગ્રુપની ખાનગી શાખા તરીકે થઈ હતી. તે ગરીબી દૂર કરવા તથા વિકાસને પ્રોત્સાહન આપવા માટે નફાકારક તથા કોમર્શીયલ પ્રોજેકટમાં જ રોકાણ કરે છે.

⇛ IFCની માલિકી તેના સભ્ય દેશોની હોય છે તથા તેનું નિયમન પણ સભ્યો દેશો દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ IFC એક કોર્પોરેશન છે જેના શેરહોલ્ડર તેની સભ્ય–સરકારો હોય છે. આ સરકારો સંસ્થાને મૂડી આપે છે અને તેમની પાસે મત કરવાના અધિકાર હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) નેશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર પાઈપલાઈન (NIP) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તે એક એવી પહેલ છે જેનાં દ્વારા દેશનું ઈન્ફ્રાસ્ટ્રકચર વિશ્વસ્તરનું બની શકશે.

(2) તેના દ્વારા પ્રોજેકની તૈયારી સુધરશે તથા રોકાણ આકર્ષિત થશે.

(3) તાજેતરમાં NIP માટે એક ઓનલાઈન ડેશબોર્ડ લોંચ કરવામાં આવ્યું છે.

(4) NIPમાં માત્ર આર્થિક ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટનો જ સમાવેશ થાય છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3)
(C) માત્ર (1) અને (4)
(D) માત્ર (1), (3) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ NIP ભારતને વિશ્વસ્તરનું ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રદાન કરવા માટેની તથા નાગરીકોના જીવનની ગુણવત્તા સુધારવાની એક પહેલ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેના દ્વારા પ્રોજેકટની તૈયારીમાં સુધારો થશે તથા તે ઘરેલું અને આંતરરાષ્ટ્રીય એમ બન્ને પ્રકારના રોકાણને આકર્ષવામાં મદદ મળશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ઉપરાંત તે ભારતને 2025 સુધીમાં 5 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવા માટે પણ ઉપયોગી નીવડશે.

⇛ તે આર્થિક અને સામાજિક એમ બન્ને પ્રકારના ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટને આવરે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ તાજેતરમાં NIP માટે નાણાંમંત્રી દ્વારા એક ઓનલાઈન ડેશબોર્ડ લોંચ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ ડેશબોર્ડનું હોસ્ટીંગ ઈન્ડિયા ઈન્વેસ્ટમેન્ટ ગ્રીડ (IIG) પર કરવામાં આવી રહયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) સબમરીન (Sub-marine) કમ્યુનીકેશન કેબલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) બે જમીન પરના કેન્દ્રો વચ્ચેના સમુદ્ર ભાગમાં સમુદ્રના તળ પર પાથરવામાં આવતા કેબલ કે જેના દ્વારા ટેલીકમ્યુનીકેશન સિગ્નલ પ્રસારીત થઈ શકે તેને સબમરીન કમ્યુનીકેશન કેબલ કહે છે.
(2) તેમાં ઓપ્ટીકલ ફાઈબરના ઘટકોને સામાન્ય રીતે સિલિકોનનું કોટીંગ કરવામાં આવે છે.
(3) આ કેબલની વિશ્વસનીયતા ઓછી હોય છે.
(4) આ કેબલની ડેટા કેપેસીટી સેટેલાઈટ કરતાં ઓછી હોય છે.

(A) માત્ર (1), (2) અને (4)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) માત્ર (1)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રીએ ચેન્નાઈ–અંદમાન અને નીકોબાર સબમરીન કેબલ સિસ્ટમનું ઉદ્દઘાટન કર્યું છે.

⇛ સબમરીન કેબલ બે જમીન પરના કેન્દ્રો વચ્ચેના સમુદ્રમાં તેના તળ પર પાથરવામાં આવે છે. આ કેબલ દ્વારા ટેલીકમ્યુનીકેશન સિગ્નલ પ્રસારીત થઈ શકે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ કેબલમાં રહેલા ઓપ્ટીકલ ફાઈબર ઘટકો પર પ્લાસ્ટીક લેયરનું કોટીંગ કરવામાં આવે છે તથા તેને સંરક્ષિત ટ્યુબમાં રાખવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ વર્તમાન સમયે, દરિયાની આરપારનો 99% ડેટા ટ્રાફિક સબમરીન કેબલ દ્વારા જ પ્રસારીત થાય છે.

⇛ સબમરીન કેબલની વિશ્વસનીયતા વધુ હોય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ સબમરીન કેબલની કેપેસિટી ટેરાબિટ્સ પ્રતિ સેકન્ડ જેટલી હોય છે જ્યારે સેટેલાઈટ દ્વારા માત્ર 1000 મેગાબિટ્સ પ્રતિ સેકન્ડ જેટલી જ કેપેસિટી મળી શકે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(5) વિશ્વ જૈવઈંધણ દિવસ (World Biofuel Day) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ દિવસ 10 ઓગસ્ટના રોજ ઊજવવામાં આવે છે.

(2) ભારતમાં આ દિવસ પર્યાવરણ મંત્રાલય દ્વારા ઊજવવામાં આવે છે.

(3) ભારતમાં આ દિવસની થીમ 'બાયોફ્યુલ્સ ટુવર્ડ્સ આત્મનિર્ભર ભારત' છે.

(4) આ દિવસ પારંપરિક અશ્મિ બળતણના સ્થાને વિકલ્પ તરીકે બિન–અશ્મિ બળતણનું મહત્ત્વ સમજાવવા માટે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ વિશ્વમાં દર વર્ષે 10 ઓગસ્ટના રોજ વિશ્વ જૈવઈંધણ દિવસ ઊજવવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ દિવસે પારંપરિક અશ્મિ બળતણના સ્થાને વિકલ્પ તરીકે બિન–અશ્મિ બળતણનું મહત્ત્વ સમજાવવામાં આવે છે તથા તેના વિશેની જાગૃતતા ફેલાવવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ દિવસ ડિઝલ એન્જિનના સંશોધક સર રુડોલ્ફ ડિઝલને પણ માન આપે છે.

⇛ ભારતમાં વર્ષ 2015થી આ દિવસ પેટ્રોલીયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા ઊજવવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ભારતમાં આ દિવસની થીમ 'બાયોફ્યુલ્સ ટુવર્ડ્સ આત્મનિર્ભર ભારત' છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT